**C.C.No.139-2026**

सत्यमेव जयते

રજુ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬

દાખલ તારીખ: ૦૯/૦૩/૨૦૨૬

ફેંસલ તારીખ : ૧૯/૦૬/૨૦૨૬

**અવધિ** : વર્ષ : માસ : દિવસ

૦૦ : ૦૩ : ૧૦

**સુબીરના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુ.સુબીર.**

**ફોજદારી કેસ નં. ૧૩૯/૨૦૨૬**
**આંક :–**

શ્રી સરકાર ... **ફરીયાદી**

**:: વિ રૂ ઘ્ધ ::**

(૧) રોશનભાઈ સુરેશભાઈ ઠાકરે
ઉં.વ. ૧૯, ધંધો–ખેતી,
રહે. જામન્યામાળ, તા. સુબીર, જી. ડાંગ ... **આરોપી**

**ગુન્હો :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૧ મુજબ.**
**(સુબીર પો.સ્ટે. પાર્ટ એ. ગુ. રજી. ૧૧૨૧૯૦૦૩૨૬૦૦૩૬/૨૦૨૬)**

ફરીયાદ પક્ષ/શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી– એમ. આર. પટેલ

બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી–જે. વી. ગામીત

**–: ચુકાદો :–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૦૪/૦૨/૨૦૨૬ ના કલાક ૧૩/૦૦ વાગ્યે મોજે. સુબીર – નવાપુર જાહેર રોડ મોખામાળ ફાટક પાસે પોતાના હવાલાની હોન્ડા કંપનીની યુનીકોર્ન મોટર સાયકલ રજી નંબર GJ-30-C-7516 ને પુરઝડપે અને બેફીકરાઈથી હંકારી લાવી પોતાની તથા રાહદારીઓની

જીંદગી જોખમાય તે રીતે ચલાવી પકડાઈ જઈ ગુનો કરી, ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧ મુજબનો ગુનો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂઘ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપી નામદાર અદાલત સમક્ષ હાજર થતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળો ની નકલ આપ્યા બાદ તેમની વિરૂઘ્ધના ગુના સબબ વાંચી સંભળાવી, આંક–૩ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે :–

**(અ) <u>મૌખિક પુરાવો</u> :–**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | ૦૪ | પંચ સાહેદ દિલેશભાઈ મુરલ્યાભાઈ ગાવિતની જુબાની |
| (૨) | ૦૬ | પંચ સાહેદ અનિલભાઈ જમાભાઈ બાગુલની જુબાની |

**(બ) <u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | ૦૫ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| (૨) | ૦૭ | ફરીયાદ |

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવાની જરૂરિયાત ન જણાતા નિવેદન લેવામાં આવેલ નથી. ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૫) આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ

તા. ૦૪/૦૨/૨૦૨૬ ના કલાક ૧૩/૦૦ વાગ્યે મોજે. સુબીર – નવાપુર જાહેર રોડ મોખામાળ ફાટક પાસે પોતાના હવાલાની હોન્ડા કંપનીની યુનીકોર્ન મોટર સાયકલ રજી નંબર GJ-30-C-7516 ને પુરઝડપે અને બેફીકરાઈથી હંકારી લાવી પોતાની તથા રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે ચલાવી પકડાઈ જઈ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં નિર્ણય નીચે મુજબ છે :

- ૧. નકારમાં,
  ૨. આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**મુદા નં. ૧ :–**

(૭) ફરીયાદ પક્ષે મૌખિક પુરાવો ધ્યાને લઈએ તો સદર કામે પંચ સાહેદ દિલેશભાઈ મુરલ્યાભાઈ ગાવિતને આંક–૦૪ તેમજ પંચ સાહેદ અનિલભાઈ જમાભાઈ બાગુલને આંક–૦૬ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી થોડા સમય પહેલા જાહેર રસ્તા ઉપર એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી, તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી અને પોલીસે સદર પંચનામુ વાંચી સંભળાવેલ નહી કે પંચનામુ તેઓએ વાંચેલ હોય તેવુ બનેલ નથી અને તેઓને આ કામે રજુ થયેલ પંચનામુ બતાવવામાં આવેલ આવેલ જેને રજુ દાખલ આંક–૦૫ આપવામાં આવે છે જયારે સદર પંચ સાહેદો બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી તરફે સદર પંચ સાહેદોને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવામાં આવતા પંચ સાહેદો સુચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે અને ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી.

સદર સાહેદોની આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતને સ્વીકારેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલ હોય પંચનામાની હકિકત બાબતે તેઓને કોઈ જાત માહિતી નથી.

(૮) વધુમાં સદર કામે આરોપીપક્ષે ફરિયાદને આંકે પાડવા સારુ વાંધો ન હોવાનો શેરો કરેલ હોય ફરિયાદ તે રજૂ **દા.આંક–૦૭** આપવામાં આવેલ છે.

(૯) આમ, ઉપરોકત સમગ્ર વિગતે ફરિયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા અને ફરિયાદીપક્ષ તરફથી રજૂઆત ધ્યાને લેતા પંચસાહેદ દિલેશભાઈ મુરલ્યાભાઈ ગાવિતને આંક–૦૪ થી તથા પંચસાહેદ અનિલભાઈ જમાભાઈ બાગુલને આંક–૦૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતી જુબાની આપેલ ના હોઈ વિ.વ.એ.પી.પી.શ્રી. એ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. વધુમાં તેઓની ઉલટ તપાસ જોવામાં આવે તો પણ તેઓએ પંચનામામા સહી કરેલી તે સિવાય તે બનાવ બાબતે કાંઈ જાણતા નથી. આમ, જયારે સદર કામે બનાવવાળી જગ્યાના બંને પંચ સાહેદો ફરિયાદપક્ષ ધ્વારા વિમુખ થયેલા જાહેર કરેલ હોય ત્યારે નામ. બોમ્બે હાઈકોર્ટ ધ્વારા નિર્ણિત સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓમકાર માનીક પાટીલ ક્રિ.લો.રીપોર્ટર (એમ.એચ.) ૧૯૭૯, પાના નં. ૪૨૧ નો ચુકાદો ધ્યાને લેતા જો સદર કામે હવે પછી અન્ય પોલીસ સાહેદો તપાસવામાં આવે તો પણ આરોપીને ગુન્હા સાથે સંકળાતો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવવાનો સંભવ નથી. વધુમાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા હોય તેવુ જણાતુ નથી.

ફરીયાદ પક્ષના કેસની હકીકતને જોતા કહી ના શકાય કે ખરેખર શું મોટર સાયકલ ચાલક તેઓની મોટર સાયકલ પુરપાટ ઝડપે અને અકસ્માત સર્જે તે રીતે તથા માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવતો હતો કે કેમ ? આમ રજુ પુરાવા પરથી મોટર સાયકલ ચાલક પુરપાટ ઝડપે અકસ્માત સર્જે તે રીતે તથા માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવતો હોય

તે હાલના કામે સાબીત થતું નથી. વધુમાં ગુનાવાળી જગ્યાના પંચનામા થકી પણ આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. ફરીયાદપક્ષે સદર સાહેદ સિવાય બનાવ નજરે જોનાર સાક્ષીનો પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં હાલના આરોપીએ પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ નો ભંગ કરી ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના ગુનાના આવશ્યક તત્વો સાબીત કરી શકેલ ન હોય આરોપીને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં.ર પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

(૧) આ કામના આરોપી રોશનભાઈ સુરેશભાઈ ઠાકરેનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૧) મુજબ ભારતીય ન્યાય સં હિતાની કલમ–૨૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉ રજૂ કરેલ જામીનખત તથા જાત મુચરકા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧(એ) હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સુબીર.
તારીખ : ૧૯–૦૬–૨૦૨૬

**(ATHAR SAAD KHAN)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
સુબીર. જજ કોડ: જીજે ૦૧૫૨૭